# ફેબ્રુઆરી મહિનાનો પરિચય

૧ ફેબ્રુઆરી, ૨૦૨૧

આત્મીય પાઠક,

સિદ્ધયોગ પથ પર ફેબ્રુઆરી મહિનામાં આપનું સ્વાગત.

આ મહિનામાં મનાવવામાં આવતા તહેવારોમાંનો એક તહેવાર છે, સંત વૅલન્ટાઇન્સ દિવસ. સિદ્ધયોગ પથ પર સંત વૅલન્ટાઇન્સ દિવસ આપણા માટે ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ અને બાબા મુક્તાનંદે આપણને પ્રેમ વિશે જે શિખામણો પ્રદાન કરી છે તેને આપણા જીવનમાં અપનાવીને આપણે શું શીખ્યા તેના પર મનન-ચિંતન કરવાનો એક સુઅવસર છે.

મારી પત્ની અચલા સાથે લગ્નના પ્રારંભિક વર્ષોમાં, મને મારાં કૃત્યોમાં પ્રેમને વ્યક્ત કરવા વિશે શ્રીગુરુમાઈની એક શિખામણ પર મનન કરવાનો અને તેને કાર્યાન્વિત કરવાનો એક શક્તિપૂરિત અનુભવ થયો હતો. ઘણાં વર્ષો પહેલાં દર્શનનાં સમયે, જ્યારે હું ગુરુમાઈજીને પ્રણામ કરી રહ્યો હતો ત્યારે તેમણે મને કહ્યું, ‘‘શું તું તારી પત્નીનું ધ્યાન રાખે છે?’’ આ સાંભળીને મને આશ્ચર્ય થયું અને અચલા કેટલી સક્ષમ છે તે દર્શાવવાનું વિચારીને, મેં તરત જ કહ્યું, ‘‘ના ગુરુમાઈજી, અચલા સ્વયં પોતાનું ધ્યાન રાખે છે.’’ સ્વાભાવિક રીતે જ, આ કંઈ બહુ સારો જવાબ નહોતો અને ગુરુમાઈજીએ પોતાનો પ્રશ્ન ફરીથી પૂછ્યો — ‘‘શું તું તારી પત્નીનું ધ્યાન રાખે છે?’’ પછી મેં મારા મનમાં જે જવાબ સૂઝ્યો તે કહી દીધો, એમ વિચારીને કે તે મારી શ્રદ્ધા દર્શાવશે : ‘‘ગુરુમાઈજી, અચલાનું ધ્યાન ભગવાન રાખી રહ્યાં છે?’’ ગુરુમાઈજી ગહન દૃષ્ટિથી મારી તરફ જોઈને ફરી એકવાર બોલ્યાં, ‘‘શું તું તારી પત્નીનું ધ્યાન રાખે છે?’’ કદાચ મને સમજવામાં વાર લાગી, પણ હવે મને તેમની વાત સમજાઈ રહી હતી. મેં કહ્યું, ‘‘હું કોશિશ કરીશ, ગુરુમાઈજી’’ અને પછી તેમને પ્રણામ કરીને હું મારા સ્થાન પર પાછો ફર્યો અને તેમના શબ્દો પર ચિંતન કરવા લાગ્યો.

મેં જોયું કે હું ફક્ત મારી જરૂરિયાતોનું જ ધ્યાન રાખું છું, જાણે કે હું એક પતિ નહીં પરંતુ રૂમમાં સાથે રહેનારી વ્યક્તિ છું, અને મને સમજાઈ ગયું કે હવે બદલાવાનો સમય આવી ગયો છે. હું ચિંતન કરવા લાગ્યો કે સાચે જ અચલાનું ધ્યાન રાખવાનો શું અર્થ છે, અને હું એ જોવા લાગ્યો કે તેમાં સૂપ બનાવવાથી લઈને તેના ખૂબ જ વ્યસ્ત કાર્ય-જીવનમાં તેની મદદ કરવા સુધી બધું જ સમાહિત છે. હું તેની રુચિ અને ચિંતાઓ પ્રત્યે વધારે જાગરૂક થઈ ગયો તેમજ તેના જીવનની મુશ્કેલીઓ અને ખુશીઓમાં તેની સાથે રહેવાનો પ્રયાસ કરવા લાગ્યો.

સમય જતાં, હું એવી વસ્તુ પ્રત્યે જાગરૂક થવા લાગ્યો જેને મેં મારા જીવનમાં પહેલાં ક્યારેય મહસૂસ નહોતી કરી — પરમ મિત્ર અને સાથી સાથે હૃદય અને મનની ગહનતાથી જોડાવાના રહસ્ય પ્રત્યે, તેમજ એ ભાવ પ્રત્યે કે અમે બંને અલગ વ્યક્તિ પણ છીએ અને સાથેસાથે ‘‘અમે’’ એક જ છીએ.

સમય સાથે અને મનનચિંતન દ્વારા, જ્યારે મેં ગુરુમાઈજીના પ્રશ્નને અમારા લગ્ન જીવનનું મુખ્ય કેન્દ્રણ માનીને તેનો જવાબ શોધવાની શરૂઆત કરી, ત્યારે અચલા અને મેં જોયું કે એનાથી અમારા બંને વચ્ચે ખૂબ જ ગહન પ્રેમની અનુભૂતિનું નિર્માણ થઈ રહ્યું છે.

આ સુંદર અને પડકારયુક્ત સંસારમાં ભલે આપણે જ્યાં પણ હોઈએ, ગુરુમાઈજીની શિખામણો પર મનનચિંતન કરવાથી અને સિદ્ધયોગના અભ્યાસોમાં નિયમિતરૂપે સંલગ્ન થવાથી તે આપણને બધાંને ગહનતાથી પોષિત કરી શકે છે. જ્યારે આપણે ગુરુમાઈજીની શિખામણોને કાર્યાન્વિત કરીએ છીએ ત્યારે હૃદયની નિખાલસતાથી અનાયાસ જ આપણાં કૃત્યોમાં બીજાં લોકોને પ્રેમ વ્યક્ત થાય છે. આપણી સત્તાના મર્મમાં નિહિત પ્રેમ સાથે જોડાઈને તેને આપણાં કૃત્યોમાં ઉતારીને, આપણે આ સંસારમાં પ્રેમ પ્રગટ કરવાનાં કાર્યમાં સહભાગી થઈએ છીએ.

***

સંત વૅલન્ટાઇન્સ દિવસ ઉપરાંત, ફેબ્રુઆરી મહિનામાં આપણને બે મહત્ત્વપૂર્ણ ભારતીય તહેવાર મનાવવાનો અને તેના વિશે જાણવાનો તેમજ ચાઇનીઝ નવવર્ષનું સ્વાગત કરવાનો અવસર મળે છે.

### ગણેશ જયંતી : ૧૫ ફેબ્રુઆરી

ગજાનન, ભગવાન શ્રીગણેશ એક એવા દેવતા છે જે આખા ભારતમાં નવીન આરંભના દેવ તરીકે પ્રિય છે, અને આ મહિને જ્યારે આપણે તેમના જન્મદિવસની સાથેસાથે અન્ય બે નવીન આરંભોનો ઉત્સવ મનાવી રહ્યાં છીએ ત્યારે આ વાત ઉલ્લેખનીય છે. શ્રીગણેશ વિઘ્નહર્તા તેમજ બળ અને બુદ્ધિના મૂર્તરૂપ તરીકે પણ જાણીતા છે. અભય મુદ્રામાં એક હાથ ઉપર કરીને ભગવાન શ્રીગણેશ તેમના ભક્તોને શાંતિ પ્રદાન કરે છે અને તેમનાં દુ:ખોને દૂર કરે છે. ગણેશ જયંતીની તૈયારી કરવા માટે તમે સિદ્ધયોગ પથ વેબસાઇટ પર ઉપલબ્ધ શ્રીગણેશની વાર્તાઓ, ભજનો, સ્તોત્રો અને ફોટાઓને જોઈ શકો છો અને તેના પર ચિંતન કરી શકો છો.

### વસંતપંચમી : ૧૬ ફેબ્રુઆરી

ભારતમાં વસંતપંચમીના તહેવાર પર લોકો વસંતઋતુનાં આગમનનો ઉત્સવ મનાવે છે તેમજ દેવી સરસ્વતીનું સન્માન અને પૂજન કરે છે. તેઓ વિદ્યા, સંગીત, ભાષા અને કળાનાં દેવી છે. સિદ્ધયોગ પથ વેબસાઇટ આપણને દેવી મહાસરસ્વતી વિશેના આપણા જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની અને તેમની કૃપાનું આવાહન કરવાની અનેક રીતો પ્રદાન કરે છે.

**ચાઇનીઝ નવવર્ષ**

ચાઇનીઝ કેલેંડરમાં આ વર્ષ વૃષભ એટલે કે બળદનું વર્ષ છે, જે ૧૨ ફેબ્રુઆરીથી શરૂ થઈને 31 જાન્યુઆરી ૨૦૨૨ એ સમાપ્ત થશે. વિશ્વના ઘણાં દેશોમાં લોકો એવા પાળેલાં અને જંગલી પશુઓના અનેક શ્રેષ્ઠ ગુણોનું સન્માન કરે છે, જે તેમના જીવનના ભાગ છે. બાર વર્ષીય રાશિચક્રના પ્રત્યેક વર્ષને પશુઓનું નામ આપીને, એક રીતે ચાઈનીઝ લોકો તેમના જીવનમાં ઉપયોગી પશુઓનો અને તેમના ગુણોનો ઉત્સવ મનાવે છે. એવું માનવામાં આવે છે કે કોઈ વિશિષ્ટ વર્ષમાં જન્મ લેનારાં લોકોમાં, એ વર્ષનું નામ જે પશુ પરથી પાડવામાં આવ્યું છે તે પશુના મહાન ગુણો હોય છે. ઉદાહરણ તરીકે, આ વર્ષ વૃષભનું વર્ષ છે. જે લોકો વૃષભના વર્ષમાં જન્મે છે તેઓ તેમનાં ધૈર્ય, પ્રામાણિકતા, સકારાત્મક સ્વભાવ અને દૃઢ કાર્યનિષ્ઠા માટે જાણીતાં છે તેમજ પોતાની યોજનાઓને પૂર્ણતા સુધી પહોંચાડવાની દૃઢતા માટે તેમનું વિશેષ સન્માન કરવામાં આવે છે.

***

આ મહિનામાં હું તમને જરા થોભીને એ પ્રેમ પર મનન કરવા માટે આમંત્રિત કરું છું જે તમારી પોતાની સત્તામાં જાગ્રત કરવામાં આવ્યો છે અને એ વાત પર પણ કે કેવી રીતે ગુરુમાઈજીની શિખામણોના તમારા અધ્યયનથી અને તેનું પાલન કરવાથી તમારું જીવન રૂપાંતરિત થયું છે. તમે બીજાને કયા પ્રસંગો જણાવશો? તમે કઈ આંતરિક ખોજનો ઉત્સવ મનાવશો? તમે તમારાં કૃત્યોમાં, વિચારોમાં અને શબ્દોમાં કયા પ્રેમને ઓળખશો? અને આ રીતે મનન કરવાથી, આ પ્રેમને વ્યક્ત કરવાના અન્ય સુઅવસરોને તમે કેવી રીતે જોઈ શકશો?

મારી શુભકામના છે કે ફેબ્રુઆરી મહિનો તમારા માટે આનંદપૂર્ણ, સુરક્ષિત અને સંતોષપ્રદ રહે!

આદર સહિત,

પૉલ હૉકવુડ

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.